ભારતે ક્લીન સ્વીપ તો કર્યું પણ કેટલાક સવાલો ઊભા જ

પાંચમા દિવસે કેએલ રાહુલની અર્ધસદીની મદદથી ભારતે સાત વિકેટે બીજી ટેસ્ટ જીતી

કુલદીપ યાદવ પ્લેયર ઓફ ધ મેચ જ્યારે રવિન્દ્ર જાડેજા પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : ફિરોજશા કોટલા મેદાન પર રમાયેલી બીજી ટેસ્ટમાં આજે મંગળવારે પાંચમા દિવસે ભારતે વેસ્ટ ઈન્ડિઝને સાત વિકેટથી હરાવીને સીરિઝ 2-0થી જીતી લીધી હતી, અને જીતની આ ઔપચારિકતાઓ પૂર્ણ થવામાં લગભગ એક કલાકનો સમય લાગ્યો હતો. આ દરમિયાન નોંધપાત્ર રીતે શ્રેષ્ઠ યજમાન ટીમની અંતિમ ટેસ્ટમાં વેસ્ટઈન્ડિઝની ટીમે થોડી કસોટી તો કરી જ હતી. આ વિજય શુભમન ગિલનો ભારતના ટેસ્ટ કેપ્ટન તરીકેનો પ્રથમ સીરિઝ વિજય પણ ગણાશે. 121 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ભારતે પાંચમા દિવસે એક વિકેટે 63 રનથી પોતાનો દાવ ફરી શરૂ કર્યો, જીત માટે બાકી રહેલા માત્ર 58 રન કરવામાં જો કે તેણે વધુ બે વિકેટ ગુમાવી હતી અને અંતે 35.2 ઓવરમાં ત્રણ વિકેટે 124 રન બનાવી ભારતે સાત વિકેટે જીત મેળવી હતી. રાહુલ 58 રને નોટઆઉટ રહ્યો હતો.

બે ટેસ્ટ મેચોમાં, ભારતીય બોલરોએ વિરોધી ટીમની તમામ 40 વિકેટ લીધી હતી, જેમાં ઝડપી બોલરોએ પ્રતિકૂળ પીચો પર પ્રશંસનીય યોગદાન આપ્યું હતું અને કોટલામાં પરિસ્થિતિઓ અનુકૂળ ન હતી ત્યારે સ્પિનરોએ ધીરજ બતાવી હતી. ભારતીય બેટ્સમેનોએ બે મેચમાં પાંચ સદી ફટકારી હતી. જોકે, વેસ્ટ ઈન્ડીઝનું આક્રમણ નબળું હતું. આ જોતાં, ભારતીય બેટ્સમેનોની ખરી કસોટી દક્ષિણ આફ્રિકા સામેની આગામી ટેસ્ટ શ્રેણીમાં થશે. વેસ્ટ ઈન્ડિઝ સામેની જીત સાથે ભારતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટેબલમાં પણ મહત્વપૂર્ણ પોઈન્ટ મેળવ્યા.

ભારત-વેસ્ટઇન્ડિઝ સીરિઝના કેટલાક રસપ્રદ આંકડા

10 ટેસ્ટ સીરિઝ ભારતે 2002થી અત્યાર સુધીમાં વેસ્ટઇન્ડિઝ સામે જીતી. તેની સાથે જ ભારતે હરીફો સામે સૌથી વધુ સતત સીરિઝ જીતવાના દક્ષિણ આફ્રિકાના રેકોર્ડની બરાબરી કરી લીધી છે, દક્ષિણ આફ્રિકા પણ ૧૯૯૮થી વેસ્ટ ઇન્ડીઝ સામે ૧૦-૦થી સીરિઝ જીતનો રેકોર્ડ ધરાવે છે.

14 ટેસ્ટથી દિલ્હીમાં ભારતનો અજેય ટેસ્ટ-મેચનો સિલસિલો જળવાયો છે. છેલ્લી વખત ભારત 1987માં વેસ્ટ ઇન્ડીઝ સામે દિલ્હીમાં ટેસ્ટ હાર્યું હતું. 1993થી, ભારતે દિલ્હીમાં 14 ટેસ્ટ રમી છે જેમાંથી 12 જીત અને બે ડ્રો થઈ છે.

13 વિકેટ ભારતે આ સીરિઝમાં ગુમાવી છે, જે બે કે તેથી વધુ મેચની સીરિઝની જીતમાં સંયુક્ત રીતે સૌથી ઓછી વિકેટ છે. અગાઉ, ભારતે 2000માં બે મેચની ઘરઆંગણેની સીરિઝમાં ઝિમ્બાબ્વેને 1-0થી હરાવ્યું હતું, ત્યારે પણ ફક્ત 13 વિકેટ ગુમાવી હતી.

122 ટેસ્ટ જીત ભારતે ઘરઆંગણે મેળવી. તેની સાથે જ ભારત હવે સૌથી વધુ ઘરઆંગણે ટેસ્ટ જીતના મામલે ત્રીજા સ્થાને પહોંચી ગયું છે, તે દક્ષિણ આફ્રિકા (121) થી એક જીત આગળ છે અને ફક્ત ઇંગ્લેન્ડ (241) અને ઓસ્ટ્રેલિયા (262) થી પાછળ છે.

390 રન સાથે વેસ્ટ ઈન્ડિઝે ૨૦૨૫માં પોતાનો પહેલો 300 થી વધુનો સ્કોર નોંધાવ્યો. છેલ્લી વખત તેઓએ આઠ ટેસ્ટ મેચ પહેલા ૨૦૨૪માં બાંગ્લાદેશ સામેની પહેલી ટેસ્ટમાંએક ઇનિંગમાં 300 રનનો આંકડો પાર કર્યો હતો.

ભારત પ્રથમ દાવ 518/5 ડિક્લેર
વેસ્ટઇન્ડિઝ પ્રથમ દાવ 248
વેસ્ટઇન્ડિઝ બીજો દાવ 390

ભારત બીજો દાવ	રન	બોલ	4	6
જયસ્વાલ કો.ફિલિપ બો.વેરિકન	8	7	2	0
રાહુલ નોટઆઉટ	58	108	6	2
સુદર્શન કો.હોપ બો.ચેઝ	39	76	5	0
ગીલ કો.ગ્રીવ્સ બો.ચેઝ	13	15	1	1
જુરેલ નોટઆઉટ	6	6	1	0
વધારાના		0		
કુલ (35.2 ઓવરમાં ત્રણ વિકેટે) 124				

વિકેટપતન : 1/9, 2/88, 3/108

બોલિંગ	O	M	R	W
જેડન સિલ્સ	3	0	14	0
જોમેલ વેરિકન	15.2	4	39	1
ખારે પિયરે	8	0	35	0
રોસ્ટન ચેઝ	9	2	36	2

વર્લ્ડકપ હજુ અઢી વર્ષ દૂર છે : રોહિત-કોહલીના ભાવિ અંગે ગંભીર

વનડે વર્લ્ડકપને હજુ ઘણી વાર છે ત્યારે આપણે વર્તમાનમાં જીવવાની જરૂર : ગૌતમ ગંભીર

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : વિરાટ કોહલી અને રોહિત શર્મા 2027નો વનડે વર્લ્ડકપ રમવા માટે ઉત્સુક છે, પરંતુ ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે મંગળવારે આ સ્ટાર જોડીના ભવિષ્ય વિશે કોઈ વચન આપ્યું નથી. ગંભીરે કહ્યું કે વનડે વર્લ્ડકપ હજુ બે વર્ષથી વધુ દૂર છે અને વર્તમાનમાં રહેવું મહત્વપૂર્ણ છે.

શુભમન ગિલને વનડે કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા બાદ, રાષ્ટ્રીય પસંદગીકારોએ વનડે ક્રિકેટમાં ફેરફાર કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે, અને કોહલી અને રોહિતની ઉંમરને જોતાં, 2027માં તેમનું ભવિષ્ય ખૂબ જ અનિશ્ચિત છે. ગંભીરે કહ્યું કે 50 ઓવરનો વર્લ્ડકપ હજુ અઢી વર્ષ દૂર છે. વર્તમાનમાં રહેવું મહત્વપૂર્ણ છે. સ્વાભાવિક રીતે, તેઓ ઉત્તમ ખેલાડીઓ છે. તેઓ વાપસી કરી રહ્યા છે. ઓસ્ટ્રેલિયામાં તેમનો અનુભવ કામમાં આવશે. તેણે વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટ મેચના સમાપન સમયે કહ્યું કે આશા છે કે, આ પ્રવાસ બંને ખેલાડીઓ માટે સફળ રહેશે, પરંતુ વધુ મહત્વનું એ છે કે, ટીમ પાસે સફળ સીરિઝ છે. એવું માનવામાં આવે છે કે આગામી થોડા મહિનામાં રમાનારી નવ વનડેમાં આ બંને ખેલાડીઓના પ્રદર્શન પર ઘણું નિર્ભર રહેશે. છેલ્લા એક વર્ષથી ગંભીરના કોચિંગ હેઠળ ભારતીય ટીમ તમામ ફોર્મેટમાં પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે.

ખેલાડીઓ દક્ષિણ આફ્રિકા સીરિઝ પહેલા રણજીમાં રમે : ગંભીર

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ઈચ્છે છે કે ભારતીય ટીમમાં સામેલ ટેસ્ટ નિષ્ણાતો તેમના સંબંધિત રાજ્યો માટે રણજી ટ્રોફી રમે જેથી આગામી દક્ષિણ આફ્રિકા શ્રેણી પહેલા બેંગલુરુમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે કૌશલ્ય-વિશિષ્ટ કવાયતોને બદલે મેચ પ્રેક્ટિસ મળે. ભારતીય મુખ્ય કોચ માટે મેચ પ્રેક્ટિસનો કોઈ વિકલ્પ નથી. ગંભીરે કહ્યું કે ભારતીય ટીમનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત છે કારણ કે 9 નવેમ્બરે બ્રિસ્બેનમાં ઓસ્ટ્રેલિયા સામે છેલ્લી ટી-20 મેચ અને 14 નવેમ્બરથી કોલકાતામાં દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટ મેચ રમાશે. પોતાના તર્ક સમજાવતા, કોચે કહ્યું, કેટલીકવાર તે મુશ્કેલ હોય છે, પરંતુ વ્યાવસાયિકતા એ જ છે. ખેલાડીઓએ તેમના દિવસોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

જીતવા છતાં કોટલાની પિચથી ટીમ મેનેજમેન્ટ નાખુશ

ભારતીય ટીમ મેનેજમેન્ટે કોટલામાં ભવિષ્યમાં ઝડપી બોલરો માટે વધુ અનુકૂળ પિચની માગ ઉઠાવી

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : વેસ્ટ ઈન્ડિઝ સામે બીજી ટેસ્ટ મેચ આજે મંગળવારે સાત વિકેટથી સરળતાથી જીતવા છતાં, ભારતીય ટીમ મેનેજમેન્ટ અહીંના ફિરોઝ શાહ કોટલા મેદાનની પિચથી બહુ ખુશ નથી. ભારતની દક્ષિણ આફ્રિકા સામેની આગામી ટેસ્ટ મેચ નવેમ્બરમાં કોલકાતા અને ગુવાહાટીમાં રમાશે. ટીમ મેનેજમેન્ટ એવી પિચો ઈચ્છશે જે જસપ્રીત બુમરાહ અને મહંમદ સિરાજ જેવા મુખ્ય ઝડપી બોલરો માટે વધુ અસરકારક હોય, ભલે દક્ષિણ આફ્રિકા પાસે કાગીસો રબાડા જેવા વિશ્વ કક્ષાના બોલર હોય. દક્ષિણ આફ્રિકા સામેની આ બે મેચની સીરિઝ 14 નવેમ્બરથી શરૂ થશે. મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પિચ પ્રત્યે નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે તે મધ્યમ ગતિ બોલરો અને આંગળીના સ્પિનરોને કોઈ મદદ કરતી નથી. બે મેચની ટેસ્ટ શ્રેણીમાં ભારતનો 2-0થી વ્હાઇટવોશ થયા બાદ ગંભીરે કહ્યું કે મને લાગે છે કે અહીં આપણી પાસે વધુ સારી પિચ હોત. અમને પાંચમા દિવસે પરિણામ મળ્યું પણ મને લાગે છે કે બોલ બેટની ધાર પર જઈને વિકેટકીપર અથવા સ્લિપ ફિલ્ડરો પાસે જવો જોઈતો હતો. ગંભીરે બુમરાહ અને સિરાજના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે મને ખબર છે કે આપણે સ્પિનરોની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે વાત કરતા રહીએ છીએ, પરંતુ જ્યારે તમારી પાસે બે મહાન ઝડપી બોલરો હોય, ત્યારે તમે ઈચ્છો છો કે તેઓ મેચમાં મહત્વપૂર્ણ યોગદાન આપે.

સુલ્તાન ઓપ જોહર કપ જૂનિયર હોકી ટૂર્નામેન્ટ

ભારત-પાકિસ્તાન હોકી મેચ ડ્રો રહી, ખેલાડીઓએ હાથ મિલાવ્યો

હાથ નહીં મિલાવવા'ના વિવાદ વચ્ચે ભારત-પાકિસ્તાન હોકી મેચમાં પહેલા 'હાઈ-ફાઇવ' અને પછી હેન્ડશેક

જોહર (મલેશિયા), તા. 14 : ભારત અને પાકિસ્તાનની જૂનિયર ટીમો વચ્ચે રમાયેલી સુલ્તાન ઓફ જોહર કપ હોકી મેચ 3-3 થી ડ્રો રહી હતી. મેચની શરૂઆત હાથ મિલાવવાને બદલે હાઇ-ફાઇવ એક્સરેન્જથી થઈ હતી, અને જ્યારે મેચ સમાપ્ત થઈ ત્યારે બંને ટીમોના ખેલાડીઓ હાથ મિલાવતા જોવા મળ્યા હતા.

શરૂઆતમાં 0-2 થી પાછળ રહ્યા બાદ, રમત નાટકીય રીતે ભારત તરફ પલટાઈ હતી. ત્રીજા ક્વાર્ટરના અંતમાં અરૈજીત સિંહ હુંડલે સફળ પેનલ્ટી સ્ટ્રોકથી અંતર ઘટાડ્યું હતું. અંતિમ ક્વાર્ટરમાં, સૌરભ આનંદ કુશવાહાએ શાનદાર બરાબરીનો ગોલ કરીને વાપસીનો માર્ગ મોકળો કર્યો. મનમીત સિંહે ભારતનો ત્રીજો ગોલ કરીને ભારતને આગળ ધપાવ્યું હતું. જોકે, પાકિસ્તાને મોડેથી વાપસી કરીને ડ્રો સુનિશ્ચિત કર્યો. આ મેચની શરૂઆતમાં હાથ મિલાવાને બદલે, બંને ટીમોએ એકબીજાને હાઇ-ફાઇવ આપ્યા, અને જ્યારે મેચ સમાપ્ત થઈ, ત્યારે બંને ટીમોના ખેલાડીઓ હાથ મિલાવતા જોવા મળ્યા હતા.

મહિલા વર્લ્ડકપ : શ્રીલંકા અને ન્યૂઝીલેન્ડની મેચ વરસાદે ધોઈ

શ્રીલંકાની ઇનિંગ પછી વરસાદ પડતા ન્યૂઝીલેન્ડની ઇનિંગ શરૂ જ ન થઇ

ચમારી અટ્ટાપટ્ટુ અને નિલક્ષિકાની અર્ધસદીની મદદથી શ્રીલંકાએ 259 રનનો લક્ષ્યાંક મૂક્યો

કોલંબો, તા. 14 : મહિલા વનડે વર્લ્ડકપમાં આજે મંગળવારે અહીં રમાયેલી એક મેચમાં નીલક્ષિકા ડી સિલ્વાના નોટઆઉટ 55 રનઅને કેપ્ટન ચમારી અટાપટ્ટુના 53 રનની મદદથી શ્રીલંકાએ છ વિકેટે 258 રનનો પડકારજનક સ્કોર બનાવીને ન્યૂઝીલેન્ડ સામે 259 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો, જો કે શ્રીલંકાની ઈનિંગ પછી પડેલા વરસાદને પગલે ન્યૂઝીલેન્ડનો દાવ શરૂ થયો નહોતો અને અંતે મેચને રદ કરી દેવાઇ હતી. ટુર્નામેન્ટમાં પોતાની પહેલી જીતની શોધમાં રહેલા શ્રીલંકાએ પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને ટોચના ક્રમમાં વ્યૂહાત્મક ફેરફાર કર્યો, 20 વર્ષીય ગુણારત્નેને તેના કેપ્ટન સાથે ઈનિંગની શરૂઆત કરવા મોકલી, જે ફળદાયી રહ્યું. બંનેએ પાવરપ્લેમાં ફિલ્ડિંગ પ્રતિબંધોનો પૂરો ફાયદો ઉઠાવ્યો અને પ્રથમ 10 ઓવરમાં વિના વિકેટે 52 રન બનાવ્યા. અટ્ટાપટ્ટુએ ૭૨ બોલની તેની ધીરજવાન ઈનિંગમાં સાત ચોગ્ગા ફટકાર્યા, જ્યારે નીલક્ષિકાએ 28 બોલની ઈનિંગમાં સાત ચોગ્ગા અને એક છગ્ગા ફટકારીને ટુર્નામેન્ટની સૌથી ઝડપી અડધી સદી ફટકારી હતી. અટાપટ્ટુએ 44 રન કરનારી યુવા બેટર વિશ્મી ગુણારત્ને સાથે મળીને 101 રનની ભાગીદારી કરીને મજબૂત પાયો નાખ્યો. હસિની પરેરાએ પણ 44 રનનું યોગદાન આપ્યું.

આઇસલેન્ડે મેચ ડ્રો કરીને ફ્રાન્સની જીતનો સિલસિલો રોક્યો

આઇસલેન્ડ સામેની મેચ ડ્રો થવાથી વર્લ્ડકપમાં સ્થાન સુરક્ષિત કરી લેવાની તક ફ્રાન્સે ગુમાવી

ફ્રાન્સ હજુ પણ ગ્રુપ ડીમાં ટોચ પર છે અને બીજા ક્રમના યુક્રેન પર ત્રણ પોઇન્ટની સરસાઇ ધરાવે છે

રેકજાવિક, 14 ઓક્ટોબર (એપી) ફ્રાન્સે આઇસલેન્ડ સાથે 2-2 થી ડ્રો રમ્યા બાદ 2026 ફૂટબોલ વર્લ્ડ કપમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરી લેવાની તક ગુમાવી દીધી હતી.

ફ્રાન્સે અગાઉ સતત ત્રણ મેચ જીતી હતી. બે વખતનું વિશ્વ ચેમ્પિયન ફ્રાન્સ જો આઇસલેન્ડને હરાવ્યું હોત અને યુક્રેન અઝરબૈજાનને હરાવવામાં નિષ્ફળ ગયું હોત તો તેઓ વર્લ્ડ કપમાં સ્થાન મેળવી શક્યા હોત. પરંતુ તેમની મેચ ડ્રો રહી અને બીજી તરફ યુક્રેન 2-1થી જીત્યું. વર્લ્ડ કપ 2022 નો ઉપવિજેતા ફ્રાન્સ હજુ પણ 10 પોઈન્ટ સાથે ગ્રુપ ડીમાં ટોચ પર છે, જે યુક્રેન કરતા ત્રણ પોઈન્ટ વધુ છે.

ફ્રાન્સ કેપ્ટન કિલિયન એમબાપ્પે વગર રમી રહ્યું હતું, જેણે શુક્રવારે અઝરબૈજાન સામેની ટીમની 3-0થી જીતમાં ગોલ કર્યો હતો પરંતુ જમણા પગની ઘૂંટીમાં ઈજાને કારણે તે મેદાનની બહાર લંગડાયો હતો. 39મી મિનિટે વિક્ટર પેલ્સન દ્વારા આઇસલેન્ડે લીડ મેળવી હતી, પરંતુ મુલાકાતીઓએ 63મી મિનિટે ક્રિસ્ટોફર ન્ક્યુન્કુ અને 68મી મિનિટે જીન-ફિલિપ માટેટાના ગોલથી વળતો પ્રહાર કર્યો હતો. થોડી મિનિટો પછી ક્રિસ્ટિયન હિલ્સનના ગોલ દ્વારા આઇસલેન્ડે બરાબરી કરી હતી. સ્વિટ્ઝર્લેન્ડ પાસે પણ વર્લ્ડ કપમાં સ્થાન મેળવવાની તક હતી પરંતુ તેણે સ્લોવેનિયા સામે ગોલરહિત ડ્રો રમ્યું હતું.

પાકિસ્તાન સામે પણ મોટી જીતની ઈંગ્લેન્ડને ખેવના

બપોરે ત્રણ વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

કોલંબો, તા. 14 (પીટીઆઇ) : મહિલા વર્લ્ડકપમાં સતત ત્રણ જીત બાદ, આત્મવિશ્વાસથી ભરપુર ઈંગ્લેન્ડની ટીમ આવતીકાલે બુધવારે પાકિસ્તાન સામે પણ મોટી જીત મેળવવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે. દક્ષિણ આફ્રિકા સામે 10 વિકેટથી મળેલી જીતથી શરૂ થયેલી ત્રણ એકતરફી જીતે ઈંગ્લેન્ડને સેમી ફાઈનલમાં પહોંચવા માટે મજબૂત દાવેદાર બનાવ્યું છે અને નેટ સાયવર-બ્રન્ટની આગેવાની હેઠળની ટીમ ભારત, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ જેવી મોટી ટીમોનો સામનો કરતા પહેલા પોતાની રિધમને નવી ઊંચાઈએ લઈ જવાનો પ્રયાસ કરશે.

સાયવર-બ્રન્ટે અત્યાર સુધી જે રીતે નેતૃત્વ કર્યું છે, તેને ધ્યાને લેતા કહી શકાય કે કેપ્ટને બતાવ્યું છે કે તે બેટ અને બોલ બંનેથી કેવી રીતે વિનાશ વેરી શકે છે. શ્રીલંકા સામે ઈંગ્લેન્ડની 89 રનની જીતમાં તેણીએ 117 રન બનાવ્યા અને બે વિકેટ લીધી હતી. સાયવર-બ્રન્ટ, એમી જોન્સ, ટેમી બ્યુમોન્ટ, હીથર નાઈટ અને સોફિયા ડંકલી સાથે, અત્યાર સુધી સારું પ્રદર્શન કર્યું છે, જેના કારણે તેમની ટીમ છ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. સાત વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સાત પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે.

પેરા પાવરલિફ્ટિંગ, ભારતના જોબી મેથ્યુએ બ્રોન્ઝ જીત્યો

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : ભારતના અનુભવી પેરા પાવરલિફ્ટર જોબી મેથ્યુએ સોમવારે ઈજિપ્તના કૈરોમાં આયોજિત પેરા પાવરલિફ્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં લિજેન્ડ્સ (માસ્ટર્સ) કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તેણે પહેલા પ્રયાસમાં 147 કિલો વજન ઉપાડ્યું, પરંતુ તેને અમાન્ય જાહેર કરવામાં આવ્યું. જોકે, તેણે બીજા પ્રયાસમાં સરળતાથી 148 કિલો વજન ઉપાડ્યું હતું. મેથ્યુએ પોતાના અંતિમ પ્રયાસમાં કેરિયર બેસ્ટ 152 કિગ્રા વજન ઉઠાવ્યું, જે બે મહિના પહેલા બેઇજિંગ વર્લ્ડ કપમાં મેળવેલા 150 કિગ્રાના તેના અગાઉના વ્યક્તિગત શ્રેષ્ઠ વજનને વટાવી ગયું હતું.

ઈંગ્લિસ અને ઝામ્પા ભારત સામેની પ્રથમ વનડેમાંથી બહાર

પર્થ, તા. 14 (પીટીઆઈ) : ઓસ્ટ્રેલિયાના વિકેટકીપર જોશ ઈંગ્લિસ અને લેગ સ્પિનર એડમ ઝામ્પા રવિવારે અહીં ભારત સામેની પ્રથમ વનડેમાં અનુક્રમે ઈજા અને કૌટુંબિક કારણોસર રમી શકશે નહીં. ભારત ઓસ્ટ્રેલિયા સામે ત્રણ મેચની વનડે શ્રેણી રમશે, ત્યારબાદ પાંચ મેચની ટી20 શ્રેણી રમશે. આગામી બે વનડે મેચ એડિલેડ (23 ઓક્ટોબર) અને સિડની (25 ઓક્ટોબર) માં રમાશે. ઈંગ્લિસ કાંડાની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે જેના કારણે તે આ મહિનાની શરૂઆતમાં ન્યુઝીલેન્ડ સામેની ટી-20 સીરિઝમાંથી બહાર થઈ ગયો હતો.

ફિટનેસ અંગે અપડેટ આપવાનું કામ મારું નથી : મહંમદ શમી

શમીની સીધી વાત, મારું કામ રમવાનું છે તેમને કોણ અપડેટ આપે છે તે તેમનો વિષય છે એ મારી જવાબદારી નથી

કોલકાતા, તા. 14 (પીટીઆઈ) : ભારતીય ઝડપી બોલર મહંમદ શમીએ મંગળવારે ઓસ્ટ્રેલિયાના મર્યાદિત ઓવરના પ્રવાસમાંથી બહાર રાખવા બદલ રાષ્ટ્રીય પસંદગીકારોની ટીકા કરતા કહ્યું કે રણજી ટ્રોફીમાં બંગાળ માટે તેની ઉપલબ્ધતા સાબિત કરે છે કે તે ફિટ છે અને પસંદગી સમિતિને આ અંગે અપડેટ કરવાનું કામ તેનું નથી. શમીએ છેલ્લે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને વરુણ ચક્રવર્તી સાથે દેશના સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો. શમી વારંવાર પગની ઘૂંટી અને ઘૂંટણની ઈજાઓ સામે ઝઝૂમી રહ્યો છે, જેના માટે તેણે 2023 વર્લ્ડ કપ પછી સર્જરી કરાવી હતી. શમીએ ઈડન ગાર્ડન્સ ખાતે ઉત્તરાખંડ સામે બંગાળની પ્રથમ રણજી ટ્રોફી મેચની પૂર્વસંધ્યાએ પત્રકારોને જણાવ્યું હતું કે મેં પહેલા પણ કહ્યું હતું કે પસંદગી મારા હાથમાં નથી.

સુડોકુ ૬૩૪૭ - 'કઠિન'

૨			૬	૧	૭	૮		૪
	૧	૬						
૮	૪	૭				૩	૧	
૪				૫				
૩					૯	૪		૮
	૮		૨				૬	
				૭		૫	૪	
	૩	૫		૮	૬			૧
૧	૭	૪	૩	૨			૮	૯

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭૧૬૬૩-૨૬૬૭ ક્રિડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

બરોળ

અજમો બે ગ્રામ અને સિંધવ મીઠું અડધો ગ્રામ લઈ હુંફાળા પાણીમાં રોજ ત્રણ વાર પીવું. શરપંખાનું મૂળ ઘસી ઘસારો બે ચમચી પીવો.

શબ્દગુંફન - ૭૦૮૨

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. મલય પર્વત ઉપરથી વાતો વાયુ (૫)
૪. બારી (૪)
૬. મજબુતાઇ (૩)
૮. પ્રતિબંધ, નિષેધ (૩)
૧૦. હેત, સ્નેહ (૩)
૧૨. એક રૂપાળું પંખી (૨)
૧૩. આદર, સન્માન (૨)
૧૪. પ્રત્યેક, દરેક (૨)
૧૫. બોલ, વિદ્યાન (૩)
૧૬. ઢીલ, વિલંબ (૨)
૧૭. કિંમત, મૂલ્ય (૨)
૧૮. કિનારો (૨)
૧૯. દાન આપનાર (૩)
૨૦. શરીર ગરમ થવાનો રોગ (૨)
૨૧. પારકું (૨)
૨૨. ટોણો, મહેણું, ક્રોધ (૨)
૨૪. શરીર, દેહ (૨)
૨૬. દુઃખ (૩)
૨૮. કોઇક વાર, ક્યારેક (૨)
૩૦. ચાર તારવાળું એક તંતુ વાદ્ય (૪)
૩૨. ઝાંઝર, નૂપુર (૩)
૩૪. એક જાતનું કાપડ (૨)
૩૫. પોચું (૩)

ઊભી ચાવી
૧. માનવકુળના ઉત્પાદક એવા આદિ માનવ (૨)
૨. દુઃખ, પીડા (૩)
૩. થોડા વાળની સેર (૨)
૪. પગથિયાંવાળો કૂવો (૨)
૫. અનાથ બાળક (૩)
૭. શરીર, દેહ (૨)
૮. દુર્બળ, સુકલકડી (૪)
૯. પ્રામાણિક (૫)
૧૦. હશે, છો ને (૨)
૧૧. કેળવણી, શિક્ષણ (૩)
૧૪. પ્રત્યેક, દરેક (૨)
૧૬. વાત, કથા (૩)
૧૭. નોતરું, ઇજન (૩)
૨૧. તળેલી મીઠાઇ (૪)
૨૩. અણી, વટ (૨)
૨૫. નવલું, આશ્ચર્યકારક (૩)
૨૭. કમળ (૩)
૨૯. છોકરીનું એક નામ (૩)
૩૧. પુરુષ (૨)
૩૩. મૃત્યુના દેવ (૨)

૭૦૮૨ - ૨૬૬૭ ક્રિડ્રિઅાર

આજનું પંચાંગ

તા. 15/10/2025, બુધવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1947
વીર સંવત : 2551 **માસ :** આસો
તિથિ: વદ: નોમ:10:34 પછી દશમ
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો: 23
યોગ : સાધ્ય **કરણ:** વણિજ
નક્ષત્ર : પુષ્ય:12:00 પછી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી **રાશિ:** કર્ક (ડ,હ)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 06:35 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:14
નવકારસી : 07:23
પારસી વર્ષ : 1395, ખોરદાદ માસનો 02 જો રોજ
મુસલમાન વર્ષ : 1447, રબીઉલ આખર માસનો 22મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે : 12:00 થી 13:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): દિવસની શરૂઆત ઉત્સાહજનક સમાચારથી થાય. ઘર અને બહારનાં કામ અનુકૂળતાપૂર્ણ રહે. આવક વધારવાની તક મળે.
વૃષભ (બ,વ,ઉ,): અટકેલાં કામમાં મદદ મળે. અડોશ-પડોશને મદદરૂપ બનશો. નવા નોકરી-ધંધામાં સહકારથી ઉત્સાહ રહે.
મિથુન (ક,છ,ઘ,): વારસાનાં કામમાં પ્રગતિ થાય. વારસાગત ધંધામાં આવક વધે. ખાણી-પીણીના ધંધામાં પ્રગતિ થાય.
કર્ક (ડ,હ,): ક્રિએટીવ અને કાલ્પનિક વિચારો સાહિત્ય અને કવિતાના સર્જનમાં મદદરૂપ થશે. શુભ સમાચાર મળે.
સિંહ (મ,ટ,): વિલાસી અને રંગીન સ્વભાવના લોકોએ પ્રતિષ્ઠાનું ધ્યાન રાખવું કોઇના જામીન થવું નહીં. સંતાનચિંતા સતાવશે.
કન્યા (પ,ઠ,ણ,): સ્ત્રી મિત્રોથી સાવધાન, લોકોએ પ્રતિષ્ઠાનું ધ્યાન રાખવું. કોઇના જામીન થવુ નહીં સંતાન ચિંતા સતાવશે.
તુલા (ર,ત,): સંપત્તિના સોદા થઇ શકે છે. નવા વેપાર-ધંધાનું આયોજન થાય. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે.
વૃશ્ચિક (ન,ય,): કાયદા કાનૂન બાબતે પ્રગતિ થાય. ધાર્મિક સાહિત્યને લગતાં પ્રેમ થાય. શુભ સમાચાર મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): વીલ-વારસા વીમા-એજન્સી અને સરકારી કામમાં પ્રગતિ થાય. અચાનક નવી તક મળે. ધનલાભ થાય.
મકર (ખ,જ,): ભાગીદારીની યોજનામાં પ્રગતિ થાય. રોજની આવક વધે. સામાજિક પ્રવૃત્તિથી શાંતિ મળે.
કુંભ (ગ,સ,શ,ષ,): નોકરીમા